ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૧ અંક ૨૮૪ તારીખ ૦૧-૦૮-૨૦૧૫ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા




આયુષ્યમાન ભવઃ
લે. પરેશ ગોરધનદાસ
દિવાળી ઓફર

રૂ.૫૦
ગિફ્ટ આપવા માટે ઉત્તમ પુસ્તક
કુરિયરથી મંગાવવા માટે રૂા. ૫૦નો ડ્રાફ્ટ જૈની પબ્લિશર્સના નામે, ૧૦૫ કમલ કોમ્પ્લેક્સ, સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે, અમદાવાદ-૯ ઉપર મોકલી આપો

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન
મગજમારી ભેજામારી
નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ
દર બુધવારે, કોપી બુક કરવો

# IT શેર સારા પરિણામોના સપોર્ટથી વધે

## લાર્સન એન્ડ ટુબ્રોમાં વધી રહેલું આકર્ષણ

સામાન્ય રીતે સંસદનું સત્ર શરૂ થાય એટલે બજારમાં બેતરફી તીવ્ર વધઘટનો તબક્કો અને વોલેટાલિટી શરૂ થઈ જાય છે અને આ વખતે પણ એ જ પ્રકારનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય બજારોમાંથી પોઝિટીવ સમાચારો મળી રહ્યા હોવા છતાં બજાર બેતરફી વધઘટનો તબક્કો દર્શાવે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું અત્યારે ૫.૫ વર્ષના તળિયા ઉપર આવી ગયું છે અને ઓક્ટોબર-૨૦૧૪ પછી સોનામાં સૌથી મોટો ઘટાડો આ અઠવાડિયે જોવાયો અને છેલ્લી ૧૦ સેશનમાંથી ૯ સેશનમાં સોનાના ભાવ ઘટ્યા છે અને હજી પણ સોનાના ભાવમાં મોટા ઘટાડાની ગણતરી છે. સોનું અત્યારે ૧૦૭૭ ડોલર ઉપર છે અને નજીકના જ દિવસોમાં તેમાં ૧૦૦૦ ડોલરનું લેવલ આવી જાય તેવી સંભાવના ટોચના એનાલિસ્ટો જોઈ રહ્યા છે, જ્યારે એક વિદેશી ફંડમેનેજરે તો સોનામાં ૮૦૦ ડોલરનો ભાવ આવી જશે તે સંભાવના દર્શાવે છે.

સામે પક્ષે કોમર્ઝ બેંકે આગામી દિવસોમાં સોનું ઘટશે તેવી ગણતરી સાથે વર્ષ આખર સુધીમાં સોનું ૧૧૫૦ ડોલર સુધી ઉંચકાઈ જશે તેવી સંભાવના પણ દર્શાવી છે.

વિશ્વના સૌથી મોટા ગોલ્ડ ઈટીએફમાં અત્યારે રોકાણ ૭ વર્ષના બોટમ ઉપર આવી ગયું છે અને સને ૨૦૧૦ પછીનું સૌથી નીચું લેવલ ગોલ્ડ ઈટીએફમાં જોવાય છે. ફેડરલ રિઝર્વ ૧૦ વર્ષ પછી પ્રથમ વખત વ્યાજદર વધારવા આગળ વધી રહ્યું છે તેવી બજારની ગણતરી છે અને અત્યારે તમામ નેગેટિવ પરિબળો દૂર થઈ ગયા હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજ વધારવાનો આ ચાન્સ ઝડપી લેશે તે આશાવાદ વધ્યો છે.

સામેપક્ષે અમેરિકામાં બેરોજગારી દર અત્યારે સને ૧૯૭૩ પછીના સૌથી નીચા લેવલ ઉપર આવી ગયો છે અને તે રીતે બેરોજગારી દર ૪૦ વર્ષના બોટમ ઉપર છે અને તેને કારણે સોનામાં ગયા અઠવાડિયે કડાકો બોલાયો અને ડોલર મજબૂત બન્યો હતો.

સામે પક્ષે ક્રૂડમાં પણ ઘટાડાનો ટ્રેન્ડ છે. અને ડબ્લ્યૂટીઆઇ ક્રૂડ અત્યારે ૫૦ ડોલરનું લેવલ તોડીને ૪૮.૬૧ ડોલર બંધ આવ્યું છે અને ઈરાનનો સપ્લાય ધીરે ધીરે વધી રહ્યો હોવાથી આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ઓવર સપ્લાય વધતો જાય છે અને તેથી ક્રૂડ વધારે ઝડપથી તૂટે તો નવાઈ નહીં લાગે. કેટલાક એનાલિસ્ટો તો ક્રૂડમાં ઘણા સમય પહેલાં જ ૪૦ ડોલરનું લેવલ દર્શાવી રહ્યા હતા અને તે અસંભવ તો નથી જ.

ગોલ્ડમાં સપ્ટેમ્બર, ૨૦૦૮ પછી એસપીડીઆર ગોલ્ડ ટ્રસ્ટનું હોલ્ડિંગ સૌથી નીચા લેવલ ૬૮૪.૬૦ ટન ઉપર આવી ગયું છે. એશિયામાં ભારત અને ચીનની ફિઝિકલ માગ અત્યારે એકદમ નબળી છે અને ગોલ્ડ અને ક્રૂડની નબળાઈ પાછળ આગામી દિવસોમાં ઈક્વિટી માર્કેટમાં તોફાની તેજીના સંકેત મળી રહ્યા છે.

પરંતુ જર્મનીમાં જુલાઈ મહિનાના પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સમાં નાનો ઘટાડો જોવાયો છે અને આ નબળાઈ પાછળ યુરોમાં ઘટાડો અને ડોલરમાં મજબૂતાઈ જોવાઈ હતી.

ચીનનો મેન્યુફેક્ચરિંગ ઈન્ડેક્સ અત્યારે ૧૫ મહિનાના બોટમ ઉપર છે. ગયા અઠવાડિયે જાહેર થયેલા આ ઈન્ડેક્સમાં ૪૯.૪૦ના લેવલથી ઘટીને ૪૮.૨૦નું લેવલ આવી ગયું છે અને ૫૦થી નીચેનો ઈન્ડેક્સ અર્થતંત્ર મંદીમાં ખૂંપી રહ્યું છે તેવો સંકેત આપે છે. ચીનના પ્રોપર્ટી ઈન્ડેક્સમાં અત્યારે ઘેરી મંદી છે અને તાજેતરમાં જોવાયેલા ઈક્વિટી માર્કેટ ઈન્ડેક્સમાં પણ કડાકની અસર હવે અર્થતંત્ર ઉપર થાય તે ભય વધ્યો છે, પરંતુ સામે પક્ષે પ્રથમ ક્વાર્ટર દરમિયાન ચીનના જીડીપીમાં ૭ ટકાનું લેવલ હાંસલ થઈ ગયું છે. ચીનની સરકાર દ્વારા અર્થતંત્રને બચાવવા માટે પોલિસી સપોર્ટ જાહેર કરાય તેવી માગણી વધી રહી છે.

આગામી દિવસોમાં ભારતમાં કંપનીઓના પરિણામોનો સપોર્ટ રહેશે. ગયા અઠવાડિયાનો અંદાજ જોઈએ તો પરિણામને દિવસે જે તે કંપનીના શેરમાં અણધાર્યો ઉછાળો અથવા અણધાર્યો ઘટાડો જોવાયો છે. એચડીએફસી બેંકના આંકડા સુંદર હોવા છતાં શેરને એકદમ તોડી નખાયો હતો, જ્યારે બજાજ ઓટોના આંકડા પણ સુંદર હોવા છતાં તે શેરને પરિણામ પછી તોડવામાં આવ્યો હતો. સામે પક્ષે ઈન્ફોસિસમાં નફો એવો ખાસ વધ્યો ન હતો, છતાં પરિણામને દિવસે શેર ૧૦ ટકા ઉંચકી દેવાયો હતો .

આમ, બજાર અત્યારે કટપીસ ચાલ દર્શાવે છે અને ખેલાડીઓનું માનસ અનિશ્ચિત છે તેવો આડક્તો સંકેત મળી રહ્યો છે.

સંસદનું સત્ર શરૂ થઈ ગયું હોવા છતાં અત્યારે સાંસદો જે રીતે દિવસો વેડફી રહ્યા છે તે જોતાં આર્થિક સુધારા આગળ નહીં વધે તે ભય વધ્યો છે અને તેને કારણે જ અત્યારે ખેલાડીઓનું માનસ અનિશ્ચિત બનેલું છે, પરંતુ બજારને આ અનિશ્ચિતતામાંથી બહાર કાઢવા માટે સોમવારે પાવર ફિનાન્સની ઓફર ફોર સેલ જાહેર કરી દેવાઈ અને જે રીતે રિટેઈલ ઈન્વેસ્ટરને ડિસ્કાઉન્ટ આપીને કટઓફ ભાવે શેરની અરજી કરાવીને પૈસા ભેગા કરી લેવાયા છે તે બાબત આર્થિક સુધારા માટે પોઝિટીવ બની રહેશે.

લેન્ડ બિલ ભલે સંસદમાં પસાર ન થાય, પરંતુ વટહુકમ દ્વારા અને રાજ્યોની મંજૂરી દ્વારા તેને આગળ વધારવામાં સરકાર નિશ્ચય ધરાવે છે અને સામે પક્ષે જીએસટી બિલ અંગે પણ સરકાર મક્કમ છે.

આમ, આગામી દિવસોમાં સંસદનું કામકાજ ખોરવાયેલું રહે, પરંતુ સરકાર આર્થિક સુધારામાં આગળ વધવાનો સ્પષ્ટ સંકેત આપશે.

જુલાઈ મધ્ય સુધી ચોમાસુ વિલંબમાં પડ્યું હતું, પરંતુ ફરી એક વખત પશ્ચિમ ભારતમાં ચોમાસાનો પ્રારંભ થઈ ગયો છે અને તેને કારણે નેગેટિવ સેન્ટિમેન્ટમાંથી બજાર બહાર આવવાની ગણતરી છે.

મુખ્યત્વે તો રિલાયન્સના પરિણામો મજબૂત આવ્યા અને તેનો ગ્રોસ રિફાઈનિંગ માર્જિન ૬ વર્ષના ટોપ ઉપર આવી ગયો છે. પેટ્રોકેમિકલ્સ ડિવિઝનની કામગીરી પ્રોત્સાહક રહી. આમ, રિલાયન્સના પોઝિટીવ પરિણામના સપોર્ટ પાછળ તેમજ ફાર્મા અને આઇટી કંપનીઓના સારા આંકડા પાછળ બજાર ઉંચકાતું જાય તેવી ગણતરી છે.

એક મુખ્ય નેગેટિવ પરિબળ રૂપિયાનું છે અને ગયા અઠવાડિયે રૂપિયાએ ૬૪નું લેવલ ટચ કરી નાખ્યું અને આગામી દિવસમાં ૬૪.૩૦નું લેવલ આવી જવાની ગણતરી છે. અને રૂપિયાની આ નબળાઈ પાછળ ક્રૂડ આયાતો મોંઘી થશે તે ભય વધ્યો છે. પરંતુ શ્રી મોદીનું નસીબ કે અત્યારના તબક્કે જે રીતે ક્રૂડ સસ્તું થઈ રહ્યું છે તેને કારણે રૂપિયાની નબળાઈની ખાસ કોઈ અસર ક્રૂડ ઉપર પડવાનો ભય નથી દેખાતો, પરંતુ સામે પક્ષે ભારતની નિકાસો વધારે હરિફાઈયુક્ત બનતા વેપારી ખાધમાં ફાયદો દેખાશે.

### એફએમસીજી સેક્ટર

એફએમસીજી શેરોમાં ચોમાસાની અનિશ્ચિતતાને કારણે છેલ્લા થોડા દિવસોથી ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવાતો હતો, પરંતુ હવે ચોમાસાનો પ્રારંભ થઈ ગયો હોવાથી પોઝિટીવ ટ્રેન્ડ શરૂ થાય તેવી ગણતરી છે.

ગયા અઠવાડિયા દરમિયાન મુખ્ય આકર્ષણ **નેસ્લે**ના શેરમાં જોવાયું અને મુંબઈ હાઈકોર્ટ દ્વારા ફૂડ સેફ્ટી રેગ્યુલેટરને નોટિસ કેમ ન આપી તે પ્રશ્ન પૂછ્યો, તે બાબત શેર માટે પોઝિટીવ ગણાય છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં મેગીને કોઈ જ મુશ્કેલી નથી પડી. અને તેથી ભારતમાં પરિક્ષણ જ ગેરમાર્ગે દોરનારા હશે તેવી સંભાવનાઓ ચર્ચાય છે અને એકાદ લોટ કેન્સલ કરવાને બદલે શા માટે સંપૂર્ણ ઉત્પાદન અટકાવી દેવાયું, તે બાબત પણ શંકાસ્પદ બની રહી છે. આ ડેવલપમેન્ટ પાછળ નેસ્લેનો શેર રૂ. ૬૦૩૪ ઉપર આવી ગયો છે અને નવા અઠવાડિયા દરમિયાન આ શેરમાં હજી ધીમો સુધારો ચાલુ રહે તેવી ગણતરી છે.

**હિન્દુસ્તાન યુનિલીવર**ના શેરમાં પણ અપટ્રેન્ડ આગળ વધી રહ્યો છે. રૂ. ૯૦૩વાળા આ શેરમાં ધીરે ધીરે ભાવ વધવાની ગણતરી છે અને તેથી મધ્યમ ગાળાના રોકાણની રીતે હિન્દુસ્તાન યુનિલીવરમાં શેર જાળવી રખાય.

**આઇટીસી**નો શેર ઈન્વેસ્ટમેન્ટની રીતે ભેગા કરી શકાય અને તે શેરમાં નજીકના જ દિવસોમાં ધીરે ધીરે અપટ્રેન્ડની સંભાવના દેખાય છે.

**વાડીલાલ ઇન્ડસ્ટ્રીઝ** અત્યારે રૂ. ૮૧૮ ઉપર આવી ગયો છે અને આ શેર કમાણીની સરખમાણીમાં ગળે ન ઉતરે તેવા ઉંચા ભાવ ઉપર છે. વાડીલાલમાં થોડું પ્રોફિટ બુકિંગ કરતાં જવાય અને ગમે ત્યારે સિમ્ફની જેવો કડાકો બોલી જાય તો નવાઈ નહીં લાગે.

**બ્રિટાનિયા**ના શેરમાં અપટ્રેન્ડ ચાલુ છે. રૂ. ૨૯૮૪ના ભાવે બ્રિટાનિયાનો શેર પકડી શકાય અને નજીકના જ દિવસોમાં તેમાં રૂ. ૩૦૦૦ના ભાવની ગણતરી છે.

એકંદરે ચોમાસુ સારું થતાં એફએમસીજી શેરમાં ફેન્સી વધી રહી છે અને હવેના તબક્કે **મેરિકો, ઈમામી, ગોદરેજ કન્ઝ્યુમર, ડાબર**ના શેરમાં નાના ઉછાળાની જગ્યા છે. પરંતુ એફએમસીજી શેર અતિશય ઉંચા વેલ્યુએશન ઉપર હોવાથી આ શેરમાં આવા ઉંચા ભાવે રોકાણ વધારવાની ઉતાવળ ન કરાય, કારણ કે એફએમસીજી શેરમાં ઉછાળાની જગ્યા મર્યાદિત છે.

રૂ. ૯૦૮ના ભાવે **ઝાયડસ વેલનેસ**નો શેર ધ્યાનમાં રખાય અને તે શેરમાં હવે રૂ. ૧૦૦૦ના ભાવની ગણતરી છે.

આ ઉપરાંત બજાજ ગ્રૂપની **બજાજ કોર્પ**નો રૂ. ૪૬૧ વાળો શેર પણ ધ્યાનમાં રખાય અને તે શેરમાં પણ ઝડપી ઉછાળા સાથે રૂ. ૫૦૦ના ભાવની સંભાવના જોવાય છે.

પોલટ્રી પ્રોડક્ટોનું ઉત્પાદન અને નિકાસ કરતી **વેંકિઝ**નો શેર અત્યારે ઝડપી ઉછાળાના તબક્કામાં દાખલ થયો છે. રૂ. ૫૩૭ના ભાવે વેંકિઝ પકડી શકાય અને ઉપરમાં રૂ. ૫૦ વધવાની ગણતરી છે.

મુંબઈસ્થિત **એડીએફ** ફૂડના રૂ. ૭૦વાળા શેરમાં પણ નાનું રોકાણ કરી શકાય અને તે શેરમાં પણ ભાવ ઝડપથી સુધરી જવાની જગ્યા દેખાય છે.

બાસમતી ચોખાની નિકાસ કરતી કંપનીઓ **કેઆરબીએલ, એલટી ફૂડ, કોહિનૂર ફૂડ**ના શેરમાં પણ મજબૂત ઉછાળાની જગ્યા છે અને તેમાં થોડું રોકાણ જાળવી રખાય.

તાજેતરમાં લિસ્ટિંગ થયેલી **મનપસંદ બેવરેજીસ** અત્યારે રૂ. ૩૬૩ ઉપર છે અને તેમાં ટૂંકી વધઘટનો ટ્રેન્ડ રહેવાની ગણતરી છે.

### પાવરજનરેશન સેક્ટર

પાવર જનરેશન શેરોમાં વધુ ને વધુ ઘટાડો જોવાયો છે. એકંદરે પાવર સેક્ટર અંગેની મુશ્કેલીઓ ઘટી રહી હોવા છતાં સેન્ટિમેન્ટ નબળું છે અને તેને કારણે આગામી દિવસોમાં પાવર શેર વધારે ઘટે તે ભય છે.

**રિલાયન્સ પાવર** અત્યારે રૂ. ૪૪ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૪૦ સુધી ભાવ ઉતરી જાય તે ભય છે.

તેવી જ રીતે, **અદાણી પાવર** અત્યારે રૂ. ૨૮ ઉપર ચાલી રહ્યો છે અને નજીકના જ દિવસોમાં આ શેર રૂ. ૨૬ ઉપર આવી જાય તો પણ નવાઈ નહીં લાગે.

તેવી જ રીતે, **ટોરન્ટ પાવર** રૂ. ૧૪૬ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં પણ નાના ઘટાડા સાથે રૂ. ૧૩૫ સુધી ભાવ ઉતરી જવાની સંભાવના છે.

દેશની ટોચની પાવર કંપની **એનટીપીસી**ના શેરમાં પણ છેલ્લા ૩૦ મહિનાથી રોકાણકાર નથી કમાયા અને આ શેર લગભગ રૂ. ૧૩૫થી રૂ. ૧૪૫ની વચ્ચે અથડાયા કર્યો છે અને હજી પણ આવી જ રેન્જમાં પડી રહે તે સંભાવના મજબૂત છે.

રેટિંગ એજન્સી દ્વારા જયપ્રકાશ એસોસિયેટને ડિફોલ્ટર ગ્રેડ આપવામાં આવ્યું છે. તે પાછળ આ ગ્રૂપની **જયપ્રકાશ પાવર વેન્ચર**નો શેર રૂ. ૬.૬૦ના લેવલ ઉપર આવી ગયો છે અને આ શેરમાં કોઈ આકર્ષણ નથી રહ્યું છે. સોદાનું પ્રમાણ પણ એકદમ ઘટી ગયું છે.

કેવળ રૂ. ૫૭૦ ઉપરના **સીઈએસસી**ના શેરમાં આકર્ષણ જોવાય છે અને આગામી દિવસોમાં આ શેર ધીમો સુધારો બતાવે તે સંભાવના મજબૂત છે.

રૂ. ૭૧ના ભાવે **ટાટા પાવર**ના શેરમાં પણ શોર્ટ ટર્મ નબળાઈ ચાલુ રહેવાની ગણતરી છે, પરંતુ ધીરે ધીરે આ શેર કરેક્શનમાંથી બહાર આવે અને સુધરતો જાય તેવી ગણતરી છે અને તેથી ૬થી ૧૨ મહિનાના એંગલથી ટાટા પાવરનો શેર હવે કવર કરી શકાય.

તેવી જ રીતે, રૂ. ૯૩ના ભાવે **જેએસડબ્લ્યૂ એનર્જી**ના શેરમાં પણ આકર્ષણ વધી રહ્યું છે અને તે શેરમાં પણ મજબૂત ઉછાળાની ગણતરી છે. થોડાક શેર ઈન્વેસ્ટમેન્ટની રીતે પકડી શકાય.

ગુજરાત સરકારની **ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર**નો શેર ઘણા મહિનાથી રૂ. ૮૨ના લેવલ ઉપર ચોંટી ગયો છે અને તે શેરમાં કોઈ જ આકર્ષણ નથી દેખાતો.

જ્યારે રૂ. ૩૮૯ના ભાવે મળી રહેલો **રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર** કે જે મુંબઈ નજીક દહાણુ ખાતે વિશાળ પાવર પ્લાન્ટ ધરાવે છે તે શેરમાં રોકાણ જાળવી રખાય. આગામી દિવસોમાં ડિફેન્સના બિઝનેસમાં જઈ રહી હોવાથી રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો શેર ઝડપથી વધવાની ગણતરી છે. કદાચ રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રિ-સ્ટ્રક્ચર આવે અને તેનો પાવર પ્લાન્ટ રિલાયન્સ પાવરને ટ્રાન્સફર કરીને ડિફેન્સના બિઝનેસની એક મજબૂત કંપની તરીકે રિલાયન્સ ઈન્ફ્રા. ઉભરી આવે તો પણ નવાઈ નહીં લાગે.

**એનએચપીસી**નો રૂ. ૧૮.૯૦વાળા શેરમાં પણ ઘટાડાની ગણતરી છે અને કદાચ રૂ. ૧૭નું લેવલ તોડી નાખે તો પણ નવાઈ નહીં લાગે.

રૂ. ૨૪ - રૂ. ૨૫ ઉપરના **એસજેવીએન**ના શેરમાં પણ નબળાઈ દેખાય છે.

રૂ. ૮૨ના ભાવે **નેવેલી લિગ્નાઇટ**ના શેરમાં કોઈ જ કસ નથી દેખાતો. ઘણા મહિનાથી આ લેવલ ઉપર નૈવેલી લિગ્નાઇટ ચોંટી ગયો છે.

પાવર ટ્રાન્સમિશનનું કામ કરતી **પાવરગ્રીડ કોર્પોરેશન** રૂ. ૧૪૨ના ભાવ ઉપર જ ટૂંકી વધઘટ પર પડી રહેવાની ગણતરી છે અને તે શેરમાં રોકાણ શોર્ટ ટર્મ એંગલથી રિટર્ન આપી જવાની કોઈ જગ્યા નથી દેખાતી.

### રિટેઈલ સેક્ટર

રિટેઈલ અને રિયલ એસ્ટેટ એ બે સેક્ટર એવા છે કે જેમાં હાલના તબક્કે રિટર્નની કોઈ જ સંભાવના નથી દેખાતી. ચાણક્યમાં છેલ્લા પાંચ વર્ષથી દર્શાવીએ છીએ કે વિશાળ મોલનો કન્સેપ્ટ અમેરિકા જેવા ઠંડા દેશમાં સફળ બની શકે, કારણ કે ત્યાં હવામાન જ ઠંડું છે અને તેને મોલને ઠંડો કરવા માટે એરકન્ડિશનર ન જોઈએ, જ્યારે ભારત જેવા ગરમ દેશમાં વિશાળ મોલના ખુલ્લા ચોકને ઠંડો કરવા દુકાનદાર પૈસા ક્યાંથી કાઢે? અને પાંચ માળના બિલ્ડિંગમાં કુદરતી રીતે ઠંડક કરવી અને વિશાળ બારી-બારણા રાખવા શક્ય નથી હોતું. કારણ કે જો તેવા બારી-બારણા રાખે તો લોકો બારીમાંથી જ માલ કાઢી જાય. આ પરિસ્થિતિમાં અને એમેઝોન તથા ફ્લિપકાર્ટ જેવી કંપનીઓ જ્યારે ઈન્ટરનેટ દ્વારા માલ ઘરે પહોંચાડતી હોય અને તે પણ મોટા ડિસ્કાઉન્ટથી, અને ત્યાં ટેબલ ઉપર બેઠા બેઠા જ અસંખ્ય પ્રોડક્ટો જોઈ શકાતી હોય તો મોલમાં પૈસા ખર્ચીને જવાનું કોણ પસંદ કરશે? અને તેને કારણે જ મોટા ભાગના મોલ થોડા સમયમાં બંધ પડી જાય છે.

પરંતુ ટ્રેન્ટ અને ફ્યુચર રિટેઈલ કંપનીઓ મોલ નથી, પરંતુ વિશાળ દુકાનો છે અને તેથી તેમને માટે ટકવું હજી થોડું શક્ય છે. પરંતુ આવી કંપનીઓ પણ તેમના બિઝનેસમાં મોટો ઉછાળો નહીં લાવી શકે અને એટલે જ ૧૫૫ના પીઈ રેશિયો ઉપર મળતા **ટ્રેન્ટ**ના શેરમાં મને લાંબો કસ નથી દેખાતો. ટાટા ગ્રૂપની કંપની છે અને ટેસ્કો સાથે સહયોગ કર્યો છે તે અલગ વાત છે, પરંતુ જે કન્સેપ્ટ જ પાયામાંથી ખોટો છે તેને ટકાવવો મુશ્કેલ છે અને ટાટા પણ ગમે ત્યારે આ બિઝનેસને વેચી નાખે તો નવાઈ નહીં લાગે.

રૂ. ૪૦૧ના ભાવે **શોપર્સ સ્ટોપ**ના શેરમાં પણ કોઈ જ કસ નથી. ૮૨ના પીઈ રેશિયો ઉપર આ શેર ચાલી રહ્યો છે અને ગમે ત્યારે કોઈ વિદેશી કંપનીને કંપની ફટકારી દેવાય તો નવાઈ નહીં.

**ફ્યુચર રિટેઈલ** અત્યારે રૂ. ૧૧૪ ઉપર છે અને તેમાં પણ અલગ અલગ અખતરા પ્રમોટરો કરી રહ્યા છે અને આ દરેક અખતરા પૈસા ખોનારા જ બની રહે, તે સંભાવના વધારે છે.

રૂ. ૮૭ના ભાવે **ફ્યુચર લાઈફસ્ટાઈલ**ના શેરમાં લાંબો કસ નથી. શેર અત્યારે ૮૯ના પીઈ રેશિયો ઉપર ચાલી રહ્યો છે અને તેમાં ઉછાળાની જગ્યા મર્યાદિત છે.

**પ્રોવોગ**નું ફુદું અત્યારે રૂ.૬ ઉપર મળી રહ્યું છે અને ગમે ત્યારે ફુદ્દા શેરને ચલાવાય તે એક જ ગણતરી સાથે ૫૦ - ૧૦૦ શેરનું જોખમ લેવાય. બાકી ફંડામેન્ટલની રીતે તે શેર ચાલે તેવી કોઈ જ આશા નથી દેખાતી.

### ટેક્સ્ટાઇલ સેક્ટર

રેડિમેઇડ ગાર્મેન્ટ અને ટેક્સ્ટાઈલની હાલતમાં થોડો ઘણો સુધારો જોવાયો છે અને મુખ્યત્વે અમેરીકાનું બજાર ખૂલ્યું હોવાથી ગાર્મેન્ટ નિકાસ વધવા લાગી છે.

**ગોકલદાસ એક્સપોર્ટ** અત્યારે રૂ. ૮૩ ઉપર છે અને આ શેર

- **બીપીસીએલ**, સહેજ ઘટીને રૂ. ૯૫૪ ઉપર આવ્યો છે અને અત્યારના તબક્કે આ શેરમાં હજી પણ જોવાતી મજબૂતાઈ. છ મહિનાના એંગલથી ભેગા કરતા જવાય અને મધ્યમ ગાળે રૂ. ૧૨૦૦ના ભાવની ગણતરી.
- **ભેલ**, સહેજ ઘટીને રૂ.૨૭૨ ઉપર મળી રહ્યો છે. કંપનીને પાવર પ્રોજેક્ટોના ઓર્ડરમાં મોટો ઉછાળો. શેર ભેગા કરતાં જવાય અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૩૦૦નું લેવલ પસાર થયા પછી રૂ. ૪૦૦ તરફ આગળ વધતો જશે.
- **ઇન્ફોસિસ**, પરિણામોનો મજબૂત સપોર્ટ અને તે પાછળ આ શેરમાં અપટ્રેન્ડ શરૂ. અત્યારે રૂ. ૧૦૬૫ના ભાવે ભેગા કરતા જવાય. ઘટવામાં રૂ. ૧૫ની જગ્યા, પરંતુ ઉપરમાં રૂ. ૧૨૦૦ના ભાવનું થોડા મહિનાનું લક્ષ્યાંક.
- **બેંક ઓફ બરોડા**, રૂ. ૧૫૨ના ભાવે શેર ખૂબ જ આકર્ષક, પરંતુ અત્યારે હજી ટૂંકાગાળાના ઘટાડાના તબક્કામાં છે અને તેથી રૂ. ૧૪૫ સુધી નીચો લાવી દેવાય તો પણ નવાઈ નહીં લાગે અને ઘટેલા ભાવે થોડાક શેર લેવાય.
- **એચડીએફસી**, પરિણામો સુંદર આપ્યા અને ઝડપથી ધિરાણ વધારવા માટે આ વર્ષે રૂ. ૮૫,૦૦૦ કરોડનું ભંડોળ ઉભું કરશે. વ્યાજ આવકોમાં તોતિંગ ઉછાળો જોવાય. થોડાક શેર લઈને છ મહિના માટે મૂકી દો. વ્યાજ કરતાં ઘણા સારા રિટર્નની જગ્યા.
- **ડો. રેડ્ડીઝ લેબોરેટરી**, શેર અત્યારે શોર્ટ ટર્મ દબાણ હેઠળ આવ્યો છે. ઝડપથી વધ્યા પછી થોડુંક પ્રોફિટ બુકિંગ આવે તે તંદુરસ્ત બાબત છે. શેર ભેગા કરતા જવાય અને મધ્યમ ગાળે રૂ. ૪૦૦૦ - રૂ. ૪૧૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.
- **કોલ ઈન્ડિયા**, રૂ. ૪૨૩ના ભાવે આ શેરમાં ઘટેલું આકર્ષણ. થોડુંક પ્રોફિટબુકિંગ કરી દેવાય અને વધારે ઝડપથી રિટર્ન આપે તેવા શેરમાં શિફ્ટિંગ ખોટું નહીં.
- **હીરો મોટો કોર્પ.**, સોમવારે અનઅપેક્ષિત રીતે એકદમ તોડ્યો હતો અને તેને કારણે એક-બે અઠવાડિયા આ શેરમાં થોડીક નબળાઈ રહેવાની ગણતરી, પરંતુ લોંગ ટર્મ ઈન્વેસ્ટમેન્ટ માટે ઘટેલા આ ભાવે દાખલ થવાનો સોલિડ ચાન્સ.
- **રિલાયન્સ**, પ્રોત્સાહક પરિણામો પછી સોમવારની વેચવાલીમાં રૂ. ૧૦૦૫ બંધ આવેલો. આ શેરમાં મેજર ટ્રેન્ડ તેજી તરફી અને જાળવી રખાય.

**DYNAMIC INDUSTRIES LIMITED**

Regd. Office : Plot No. 5501/2, Phase - III, Nr. Trikampura Cross Roads, G.I.D.C., Vatva, Ahmedabad – 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

લિસ્ટિંગ કરાર ની કલમ ૪૧ મુજબ , આથી સૂચના આપવામાં આવે છે, કે કંપની ના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ ની મીટીંગ ૧૨ ઓગસ્ટ , ૨૦૧૫ , બુધવાર ના રોજ સાંજે ૫:૩૦ કલાકે કંપની ની રજીસ્ટર્ડ ઓફિસ પર યોજાશે , જેનો હેતુ ૩૦મી જૂન, ૨૦૧૫ ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક સમયગાળા અને ઓડિટેડ એકલ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા

સ્થળ : અમદાવાદ
તારીખ : ૩૧ જૂલાઈ, ૨૦૧૫

દીપક એન ચોકશી
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર

## SACHETA METALS LIMITED

CIN L27100GJ1990PLC013784
Block No. 33, Sacheta Udyog Nagar, Vill: Mahiyal, Taluka: Talod, Dist.: Sabarkantha, Gujarat

**UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30.06.2015 (Rs. in cr.)**

| | Particulars | 3 Months Ended 30.06.2015 Unaudited | Preceding 3 Months ended 31.03.2015 (Refer Note 4) Audited | Corresponding 3 months ended 30.06.2014 Unaudited | Previous Year Ended 31.03.2015 Audited |
|---|---|---|---|---|---|
| 1 | **Income from operation** | | | | |
| | (a) Income from operations | 11.38 | 13.21 | 16.12 | 66.31 |
| | (b) Other operating income | 0.63 | 0.18 | 0.15 | 1.66 |
| 2 | **Expenses** | | | | |
| | (a) Cost of materila consumed | 10.23 | 10.39 | 14.27 | 52.41 |
| | (b) Purchase of stock in trade | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| | © Changes in stock in trade | -1.75 | -0.76 | -1.20 | -0.45 |
| | (d) Employees benefits Expense | 0.38 | 0.66 | 0.34 | 1.82 |
| | (e) Depreciation and amortisation expense | 0.59 | 1.07 | 0.47 | 2.55 |
| | (f) Other expense | 2.31 | 2.15 | 2.37 | 10.64 |
| | Total Expenses | 11.76 | 13.51 | 16.25 | 66.97 |
| 3 | Profit from operation | 0.25 | -0.12 | 0.02 | 1.00 |
| 4 | Other income | 0.06 | 0.10 | 0.37 | 0.15 |
| 5 | Profit from ordinary activities befor financial costs and exceptional items | 0.31 | -0.02 | 0.39 | 1.15 |
| 6 | Financial costs | 0.11 | 0.06 | 0.16 | 0.63 |
| 7 | Profit from ordinary activities before exceptional items | 0.20 | -0.08 | 0.23 | 0.52 |
| 8 | Exceptional items | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| 9 | Profit from ordinary activities before tax | 0.20 | -0.08 | 0.23 | 0.52 |
| 10 | Tax expense | 0.06 | 0.00 | 0.07 | 0.18 |
| 11 | Net Profit from ordinary activities after tax | 0.14 | -0.08 | 0.16 | 0.34 |
| 12 | Extraordinary items (net of tax expense) | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| 13 | Net Profit for the period | 0.14 | -0.08 | 0.16 | 0.34 |
| 14 | Paid up equity share capital | 18.94 | 18.94 | 18.94 | 18.94 |
| 15 | Reserves excluding revaluation reserves | 0.00 | 0.00 | 0.00 | 8.64 |
| 16 | EPS (before extraordinary items) | | | | |
| | (a) Basic | 0.07 | -0.04 | 0.08 | 0.18 |
| | (b) Diluted | 0.07 | -0.04 | 0.08 | 0.18 |
| 17 | EPS (after extraordinary items) | | | | |
| | (a) Basic | 0.07 | -0.04 | 0.08 | 0.18 |
| | (b) Diluted | 0.07 | -0.04 | 0.08 | 0.18 |
| | **Particulars of shareholding** | | | | |
| 18 | (a) Public shareholding | | | | |
| | - Number of shares | 6372043 | 6747386 | 7406413 | 6747386 |
| | - % of shareholding | 33.96% | 35.63% | 39.10% | 35.63% |
| | (b) Promoters shareholding | | | | |
| | Pledged/encumbered | | | | |
| | - Number of shares | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| | - % of shareholding | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| | Non encumbered | | | | |
| | - Number of shares | 12508242 | 12192614 | 11533587 | 12192614 |
| | - % of shareholding | 66.04% | 64.37% | 60.90% | 64.37% |
| | **Investor complaints** | | | | |
| | (a) Pending at beginningter of quarter | 0 | | | |
| | (b) Received during the quarter | 0 | | | |
| | © Disposed of during the quarter | 0 | | | |
| | (d) Remaining unresolved at quarter end | 0 | | | |

**Notes :**
1 The Company is operating in single segment i.e.Alluminium products
2 Previous period's figures have been regrouped wherever necessary to confirm to the current period's classification.
3 The figures for three months ended 31.03.2015, are the balancing figures between audited figures in respect of the full financial year and the published year to date figures upto the month of the relevant financial year.
4 The 'limited review' of the financial results of the company for the quarter ended 30.06.2015 has been completed by the statutory auditors.
5 The above have been reviewed by audit committee and approved by the Board at its meeting held on 31.07.2015.

For, Sacheta Metals Limited
Sd/-
Managing Director

Date : 31st July 2015